ગાંધીનગર સમાચાર

## સોશિયલ મીડિયા.કોમ

પરિવાર અને પોતાનાઓ માટે જ માણસને ઝુકે છે,
બાકી સ્વાભિમાન તો સુદામાનું પણ ક્યાં ઓછું હતું !!

●

લંકાના રાવણ કરતા
વધુ ભયંકર છે શંકાનો રાવણ,
જે સમજણનું જ હરણ કરી જાય છે !!

●

કોઇ ના જીવનની 'અંધારી'
રાતોને- 'અજવાળી' કરવી.
એ પણ એક 'નવરાત્રી' જ છે.

●

સંસ્કાર જ અપરાધ રોકી શકે છે, સરકાર નહિ.. !!

●

માણસ ભગવાનની પૂજા નથી કરતો, પરંતુ તેની મૂર્તિમાં છુપાયેલી પોતાની મહત્ત્વાકાંક્ષાની પૂજા કરે છે.

●

બીજાનું સુખ જોઈને દુખ થવું એ માનવ પ્રકૃતિ છે, પરંતુ બીજાનું દુખ જોઈને દુખ થવું એ માનવ સંસ્કૃતિ છે.

●

જ્ઞાન એ દોરો પરોવેલી સોય જેવું છે. એ તમારામાં હશે તો તમે ખોવાઈ નહીં જાઓ.

●

નથી કોઈ લાભ કોઈને સત્ય કહેવામાં,
ઘણીવાર મજા છે બસ મૌન રહેવામાં.

●

વિપરીત પરિસ્થિતિમાં કેટલાક લોકો ભાંગી પડે છે અને કેટલાક લોકો રેકર્ડ તોડે છે.

●

જીવન એ સૌથી મોટી સ્કૂલ છે. કારણ કે તમને ખબર નથી પડતી કે તમે એના વર્ગમાં છો અને હવે તમારે કઈ પરીક્ષા આપવાની છે.

●

પોતાને પ્રતિકૂળ હોય તેવું વર્તન ક્યારેય બીજા સાથે કરવું નહીં.

●

તમે ભલે તમારા જીવનથી અસંતુષ્ટ હો. પણ એવા ઘણાય છે જે તમારી માફક જીવન જીવવા માગતા હોય છે.

●

તારા કરતાં તારી યાદો સાથે જીવવાની વધારે મજા આવે છે. કારણ કે ના તો એ રીસાય છે કે ના તો મારે મનાવવી પડે છે.

●

તારો સંગાથ છે તો જીવન વહાલું લાગે છે.
તારા વગર તો મારા શબ્દોનેય એકલવાયું લાગે છે.

●

આવતા ૧૦-૧૫ વર્ષમાં એક એવી પેઢી સંસાર છોડી ચાલી જશે. જેના ગયા પછી ખૂબ પસ્તાવો થશે. વાત કડવી છે પણ સત્ય છે.

આ પેઢીના લોકો બિલકુલ અલગ જ છે.

રાત્રે જલ્દી સુવાવાળા, સવારે જલ્દી જાગવાવાળા,સવારના અંધકારમાં ફરવાનિકળવા વાળા

આંગણાના ફૂલછોડને પાણી પીવડાવવાવાળા, દેવપૂજા માટે ફૂલ તોડવાવાળા, રોજ પાઠ પૂજા કરવાવાળા અને રોજ મંદિર જવાવાળા...

રસ્તામાં મળવાવાળાને ખૂબ વાતો કરવા વાળા, તેમનું સુખ દુઃખ પૂછવાવાળા, બંને હાથ જોડી પ્રણામ કરવા વાળા, તેમજ સ્નાન વગર અન્ન નહીં ઉતારવા વાળા.

તેમનો અલગ સંસાર.........વાર તહેવાર, મહેમાન, શિષ્ટાચાર, અનાજ, અન્ન, શાકભાજીની ચિંતા, તીર્થયાત્રા , રિતી રિવાજ અને સનાતન ધર્મ ની આગળ પાછળ ફરવાવાળા...

જુના ફોન ના ડોગલા ઉપર જ મોહિત રહેવા વાળા, ફોન નંબર ની ડાયરી મેઈન્ટેઈન કરવાવાળા, રોંગ નંબરવાળા સાથે પણ સરસ વાત કરી લેવા વાળા, વર્તમાન પત્રોને દિવસમાં ત્રણ ચાર વાર ઉથલાવી ઉથલાવી વાંચવા વાળા...!

હંમેંશા એકાદશી યાદ રાખવા વાળા, પૂનમ અને અમાસ યાદ રાખવાવાળા, ભગવાન ઉપર પ્રચંડ ભરોસો રાખવા વાળા, સમાજનો ડર પાળવા વાળા, જુના ચપ્પલ, ફાટેલી બંડી અને તૂટેલી દાંડીવાળા ચશ્મા પહેરવાવાળા......!!

ગરમીની સીઝનમાં આચાર પાપડ બનાવવાવાળા, ઘરમાં જ ખાંડેલો મસાલો વાપરવાવાળા, અને હંમેશા દેશી ટામેટા, દેશી રીંગણ અને દેશી મેથી જેવી શાકભાજી શોધવાવાળા........!

નજર ઉતારવા વાળા, કંદોઈ ખસી હોય તો ઠીક કરવા વાળા, લીમડાનું કે બાવળનું દાતણ કરવાવાળા, અને શાકભાજીની લારી વાળા સાથે એક-બે રૂપિયા માટે જીભા જોડી કરવા વાળા.....!!

શુ તમે જાણો છો?....

આ બધા ધીરે ધીરે આપણો સાથ છોડી કાયમ માટે જતા રહેવાના છે. શુ તમારા ઘરમાં આવું કોઈ છે? જો હા,તો જરૂર તેઓનું ખૂબ ધ્યાન આપજો.......!

નહિતર એક મહત્વપૂર્ણ શીખ તેમની સાથે જ જતી રહેશે.... એ છે સંતોષ ભર્યું જીવન, સાદગી પૂર્વકનું જીવન, પ્રેરણા દાયક જીવન,ભેળસેળ વિનાનું જીવન, ધર્મ અને સતમાર્ગ પર ચાલવાવાળું જીવન, બધાની ચિંતા કરવાવાળું જીવન.....!

તમારા પરિવારમાં જે લોકો વડીલ છે તેમનું માન સન્માન રાખજો, તેઓને અપનાપન મહેસુસ કરાવો અને ખૂબ જ પ્રેમ કરો.........!

●

એ જ મજબૂરી છે મારી દોસ્ત, માથાડૂબ પાણીમાંથી તો નીકળી જાઉં છું, પણ પાંપણડૂબ પાણીમાં સાલું ડૂબી જવાય છે.

- અધિર અમદાવાદી

●

કહી દો આંખોને કે સ્થિર થવાનું શીખે,
પલકારામાં વિતી જાય છે જિંદગી.

**- કુંતલ નિમાવત**

●

### નવી ગોઠવણ

તમારા પતિ ને તો એ ઘર ઘર જ ના લાગતું સુશીલાબેન જ્યાં દિવાનખંડ માં જ હિંચકો ના હોય.પણ એમનાં ગયા પછી પુત્ર અને પુત્રવધુ ને નવું ઘર બનાવતી વખતે એ કહેવું તમને અયોગ્ય લાગ્યું. આમ પણ તમે વિચારી રહ્યાં કે હિચકા ની મહત્તા તો કોઈ નાગર કન્યા જ સમજી શકે. આ પ્રેમ-લગ્ન કરી ને આવેલી વાણિયા ની દિકરી ને શું ખબર ઝુલતો હિચકો એ તો ચાલતા અસ્તિત્વ ની નિશાની છે. અને આમ પણ તમે વિચારતાં જ હતાં કે હવે જો શાંતી જોઈતી હશે તો નાની-મોટી વાતો માં બાંધ-છોડ કરવી જ પડશે.આજે નવા ફ્લેટ નાં પગથિયા ચડી જેવા તમે ઉપર પહોચ્યાં કે એ જ જુનો હિંચકો નવા ઘર માં જોઈ રડી પડ્યાં.

**- ડો. હેતલ દોશી**


### વારસો

આજે જ્યારે તમે એ જ ગલી માં થી નીકળ્યા ત્યારે યાદ આવી ગયું તમને સેજલ કે તમે નાના હતાં ત્યારે રોજ તમારા પપ્પા અહીંયા થી નીકળતા તમને કંદોઈ ની આ જ દુકાને સાઈકલ ઉભી રાખી અને એક ગુલાબ જાંબુ ખવડાવતા જ. કંદોઈકાકા એ પણ તમને સરસ સ્માઈલ આપી ને આવકાર્યા. તમે પણ ગુલાબજાંબુ પેક કરાવ્યા અને ઘરે જઈ પપ્પા નાં ફોટા સામે બેસી ચોધાર આંસુ એ રડી પડ્યા. અને એટલી વાર માં અચાનક જ નાનો પિંટુ બોલ્યો, '' મમ્મી, મને કાલ થી રોજ એક ગુલાબજાંબુ ખાવા લઈ જાજે.''

**- ડો. હેતલ દોશી**

# ખેલ મહાકુંભ અંતર્ગત ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ




ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત સેક્ટર-૨૧ જીમખાના ખાતે આયોજિત ટેબલ ટેનિસની સ્પર્ધામાં ગાંધીનગર શહેર વિસ્તારમાં પ્રણવ જોષીપુરા પ્રથમ અને કમલેશ રાંદેરિયા દ્વિતિય સ્થાને તથા ગ્રામ્ય વિસ્તારમાં કમલેશ શાહ પ્રથમ તથા બિરેન સોની દ્વિતિય સ્થાને વિજેતા બન્યા હતા.

# શિક્ષકો માટે સ્ટ્રેસ મેનેજમેન્ટની તાલીમ





કડી ખાતે સર્વવિદ્યાલય સંકુલમાં સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષય પર એશવિઝન પબ્લીકેશનનાં ફેકલ્ટી ભાવનાબેન દ્વારા એસ.જી., એસ.વી., શિવહરી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ અંતર્ગત શિક્ષકોને અલગ અલગ પ્રવૃત્તિથી ટેન્શન કેવી રીતે દૂર કરવું તે શીખવવામાં આવ્યું હતું. શિક્ષકોએ ઉત્સાહથી આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# કુડાસણમાં ૨૫૧ દીપની આરતી





નવરાત્રીનો ઉત્સવ જેમ જેમ પરાકાષ્ટા તરફ આગળ ધપી રહ્યો છે તેમ ભક્તોનાં હૈયાંમાં ભક્તિનું ઘોડાપૂર પણ ગતિ પકડી રહ્યું છે. ચોથા નોરતે ન્યૂ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્થિત શુકન સ્કાય ફ્લેટ ખાતે ૨૫૧ દિવડાની આરતીનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સોસાયટીના ચેરમેન સુહાગ સોની અને સેક્રેટરી અનીલ સુથારે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે સોસાયટીના કોમન પ્લોટમાં નિત્ય રાત્રે સમગ્ર સોસાયટીના રહીશો સપરિવાર એકત્ર થાય છે અને આબાલવૃદ્ધ સૌ મનમૂકીને ગરબે ઘૂમે છે.



ગાંધીનગર શહેરના પ્રતિભાશાળીએ ખેલાડીઓએ ખેલ મહાકુંભ-૨૦૧૮માં ભાગ લઈને પોતાની કાબેલિયત સિદ્ધ કરી છે. સ્કેટિંગની સ્પર્ધામાં વિવિધ કેટેગરીમાં બી રોક કે એઈટીમના ખેલાડીઓએ શહેર અને ગ્રામ્ય કક્ષાની સ્પર્ધામાં મેદાન માર્યું છે. તેમના કોચ ભાર્ગવ આયરે આ ખેલાડીઓને અભિનંદન પાઠવી રાજયકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી છે. ખેલ મહાકુંભ ૨૦૧૮ અંતર્ગત ૧ હજાર મીટર, ૫૦૦ મીટર અને ૩૦૦ મીટર દોડમાં વિવિધ સ્થાને વિજેતા ખેલાડીઓમાં પ્રિયમ જોશીપુરા, પ્રાન્સુ પટેલ, પ્રથમ, પુજા, દેવાંશ રાવલ, પ્રેમ પટેલ, સમર વેખરીયા, શુભ પટેલ, ક્રિષ્ના પટેલ, ક્રિષ્ના પંચાલ, હેલીક સોની, લવેશ બથેજા, હનિશા બથેજા, દેવાંશી પટેલ, જીયા પટેલ, પ્રિન્સિ પટેલ, હેલી શાહ, જીલ કાકડિયા, સાક્ષી પગદલ અને રીયા સામેલ હતાં.

# આગામી પેઢીના કલાકારોને 'શિલ્પ સ્ટુડિયો'ની ભેટ

ગાંધીનગર, તા. ૧૪

અમદાવાદના એક પરાં એવા ચાંદલોડિયા ખાતે ૧૯૬૭ના સમયગાળામાં આવીને વસેલાં, ગાંધીવિચારને વરેલાં કળાકાર-શિલ્પી કાંતિભાઈ બી. પટેલે પોતાની અંગત કમાણીમાંથી ખરીદેલી જમીન અને એની ઉપર એશિયાના સૌથી વિશિષ્ટ એવા ફાઉન્ડ્રી સહિતના સ્ટુડિયો-'શિલ્પ-ભવન'નું નિર્માણ કર્યું. આજથી બે-અઢી દાયકા પહેલાં, શુદ્ધબુદ્ધિથી કરેલાં પોતાના વસિયતનામામાં એમણે કુલ ૯૨૭૦ ચો.વાર ના વિસ્તારમાં ફેલાયેલી આ સમગ્ર મિલકત, જમીન-એની ઉપરનો સ્ટુડિયો અને વલસાડી ટેસ્ટના ચીકુ પકવતી આખી વાડી, જેની કિંમત આજે તો કરોડો રુપિયામાં થવા જાય છે, એ ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંત મુજબ આગામી પેઢીના કળાકારો માટે લલિતકલા અકાદમી, દિલ્હીને ભેટ ધરી છે. આગામી પેઢીના કળાકારો માટે ભારતના પશ્ચિમ વિભાગમાં ગુજરાત અને એમાંય અમદાવાદ સ્થિત આ સ્ટુડિયો લલિતકલા અકાદમીનું પ્રમુખ કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. એ રીતે પણ



ગુજરાત અને ખાસ અમદાવાદ માટે આ આનંદોત્સવ છે. તાજેતરમાં તા. ૧૦-૧૦-૨૦૧૮ના રોજ દિલ્હી, રવીન્દ્રભવન સ્થિત લલિતકલા અકાદમીના અધ્યક્ષ ઉત્તમજી પાચારણેએ મંત્રી રાજન ફૂલારી અને કાયદાકીય સલાહકાર મહેન્દરકુમાર ભારદ્વાજ સાથે શિલ્પભવનની મુલાકાત લીધી હતી અને શ્રી કાંતિભાઈ બી. પટેલ દ્વારા લલિતકળાના ઉમદા કાર્ય માટે અપાઈ રહેલી આ અમૂલ્ય ભેટનો વિધિવત્ સ્વીકાર કર્યો હતો. એક તપસ્વી કળાકારે સમાજ પ્રત્યે, પોતાની જેવા કળાકારોની આગામી પેઢી માટે પોતાનું સર્વસ્વ દાન કરીને સમાજ માટે પણ એક અનુકરણીય માર્ગ દર્શાવ્યો છે, એમ કહી એમણે કાંતિભાઈની આ દાનવૃત્તિને મુક્ત કંઠે બિરદાવી હતી. એટલું જ નહીં, એમણે પશ્ચિમ વિભાગના પ્રમુખ કેન્દ્રનું નામકરણ -'શિલ્પભવન લલિતકલા અકાદમી કેન્દ્ર, અમદાવાદ' તરીકે કર્યું હતું. ટૂંક સમયમાં નવોદિત અને સિદ્ધહસ્ત કળાકારો માટે વિવિધ કળાઓના કેમ્પ, સેમિનાર જેવી અનેકવિધ પ્રવૃત્તિઓથી શિલ્પભવન કેન્દ્ર ધબકતું થશે એવો નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો. અધ્યક્ષ પોતે પણ શિલ્પી છે એટલે એમણે ફાઉન્ડ્રીની સાધનસામગ્રીથી માડીને સમગ્ર સ્ટુડિયોની મુલાકાત લીધી હતી. લલિતકલા અકાદમીના અધિકારીઓની મુલાકાત સમયે કાંતિભાઈના સ્વજનો-સ્નેહીઓ સર્વશ્રી જયશ્રીબહેન, નિરંજનભાઈ મહેતા, વાસુદેવ મહા, અમલાબહેન, જગદીશ પટેલ, ગુલાબભાઈ અને હરેશભાઈ ઉપસ્થિત રહ્યાં હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

જ્યારે જે લોકોએ ગાંધીજીને જોયા તો નથી જ. તે લોકો પણ એમ કહે છે કે આખા હજાર વર્ષની અંદર જો કોઈ માણસને જોવો હોય તો એ તો આ જ માણસ કહેવું પડે. ત્રીજી બાજુથી પોતાના કામની પદ્ધતિમાં ગાંધીજીનું જરાપણ બિલકુલ આચરણ ન કરનારા વૈચારિક રીતે વિચારધારાની દ્રષ્ટિએ કોમ્યુનિસ્ટ વીચારનું આચરણ કરનારા પણ ઈમાનદારીપૂર્વક એને પોતાના દેશમાં લાવવાનો પ્રયત્ન કરનારા વિયેટનામના આગેવાન હોચીમેન. ગઈ શતાબ્દિમાં થઈ ગયેલા મોટા ક્રાંતિકારીઓમાંના એક. એ હોચીમેન એમ કહે છે કે, I an others may be the revolutionaries but we are all disciples of Mohandas Gandhi. Directly or Indirectly, we are all disciples of him, nothing more, nothing less. (હું અને મારા સાથીઓ કદાચ ક્રાંતિકારી હોઈશું, પણ અમે સૌ મોહનદાસ ગાંધીના શિષ્યો છીએ. સીધી રીતે કે આડકતરી રીતે પણ અમે તેના શિષ્યો છીએ, ન એથી વધુ ન એથી કમ.)



આવી ચોખવટ કરીને આ માણસ કહે છે જેણે ગાંધીને કોઈ દા'ડો જોયો નથી. પણ આખા દેશનો ૧૪-૧૪ વર્ષ સુધી ફ્રેન્ચ સેનાઓ સામે અને લગભગ એટલા જ વર્ષો સુધી જે દેશે અમેરિકના સેનાઓનો સામનો કરેલો એ હોચીમેન કહે છે. એનું ઝૂંપડું સેવાગ્રામની બાપુકુટિને યાદ અપાવે તેવું. એનાથી થોડું મોટું પણ બીજા રાજપુરુષો કરતાં ઘણું નાનું. એવું એક સાદું ઝૂંપડું. અમે એના શિષ્યો છીએ. શું કામ ? રાજની સત્તા એ છેવટની સત્તા નથી. લોકની સત્તા એ છેવટની સત્તા છે એ વાત ગાંધીજીએ હોચીમેનને શીખવાડી'તી માટે.

એટલે પાટનગરનાવાસીઓએ જો શીખવા જેવી હોય તો એ આ વાત છે. સત્તા જે કારની ઉપર લાલબત્તીઓ બળતી હોય તેની જ નહીં, જેને આપણે કોઈક ને કોઈક નિમિત્તે સલામ કરતાં હોઈશું તેની નહીં, પણ સત્તા આ દેશના સૌથી છેવટના મતદાતાની સત્તા છે. અને એની સત્તાથી આની સત્તા ટકે છે. આટલી પાયાની વાત. આ તો લોકશાહીના પાયાની વાત છે. હોચીમેને તો અમે લોકશાહીમાં માનીએ છીએ એમ પણ નથી કહ્યું. પણ તોય અમે ડિસાઈપલ તો એના જ છીએ. ક્રાંતિ પણ લોકો વિના ન થાય એ વાત એના દેશના નહીં, આખી દુનિયાના લોકોને સમજાવી હોય તો આ માણસે પોતાના આચરણ દ્વારા સમજાવી છે.




એટલી વાત જો આપણે સમજીએ તો કથાનું શું પુણ્ય છે તે આપણને સમજાય. એ કથા કહેતાં પહેલાં તેના ભયસ્થાનની વાત પણ હું કહી દેવા માંગું છું કે, ગાંધીને દેવ બનાવવામાં મને કોઈ રસ નથી. એ માટે હું આ કથા નથી કરી રહ્યો.

અમદાવાદમાં હું જેને ઘેર રહું છું તે મારી બહેને એની પાડોશમાં રહેતા એક બહેનને કહ્યું કે ગાંધી કથા છે, તારે આવવું છે ? તો એ બહેને જવાબ આપ્યો હતો કે, 'મારાથી તો નહીં અવાય પણ તું મારા વતી ૫૧ રૂપિયા મૂકી દેજે.' એને મન કથા એટલે ૫૧ રૂપિયા આપ્યા એટલે પત્યું.

પણ આ ગાંધીને આપણે અંદર પોતાની અંતર કેટલો પ્રવેશ કર્યો એનો હિસાબ જોઈતો હોય છે. એને પેલા ૫૧ રૂપિયાની કોઈ પરવા નથી અને એને દેવત્ત્વની સમૂળગી પરવા નથી. છેવટના દિવસ સુધી તેણે કહ્યું તું કે આ મહાત્મા શબ્દ મને અભિશાપ જેવો લાગે છે મને એની બદબૂ આવે છે. મને કોઈ મહાત્મા કહે છે તો દુર્ગંધ લાગે છે. પોતાને મહાત્મા કહેવડાવવા પણ તે તૈયાર નથી. કારણ તેને રસ હતો કે સાધારણ માણસ પોતાની શક્તિ શું છે તે પારખે. આપણને શું રસ હોય છે કે મહાત્મા કહીશું કે દેવ કહીશું તો જવાબદારી પછી એની, આપણી કંઈ નહીં. મેં દિવસરાત મારી દીકરી માંદી હતી તેની સેવાચાકરી કરી અને ભગવાને એને ઊઠાવી લીધી. ઊઠાવી લેવાની જવાબદારી ભગવાનની. સેવાચાકરી કરવાની જવાબદારી મારી. આપણી જવાબદારી આ ગાંધીને દેવ ગણીને સોંપી દેવા હું તૈયાર નથી. આપણા દેશમાં સ્વરાજ આવ્યું ત્યારપછી એક બહુ મોટી ખોટ પડેલી છે. સ્વરાજ પહેલાં ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટ સુધી આખા દેશમાં એક સર્વસામાન્ય ભાવ હતો અને તે એ કે ઓછેવત્તે અંશે એકોએકના મનમાં એક લાગણી હતી કે દેશ સ્વતંત્ર થવો જોઈએ. ૪૨માં ગાંધીજીને છેલ્લી જેલ. ગાંધીજીને ગિરફતાર કરવા આવેલા માણસ દ્વારા એમને વોરંટ અપાઈ ગયું'તું. ગાંધીજીએ કહ્યું કે હું પ્રાર્થના કરી લઉં તો કે હા કરી લો પછી આપણે સાથે જવાનું છે. એમના માટે સરકારી ગાડીઓ તૈયાર હતી. એ પ્રાર્થના કરવા ગયેલા. આ માણસને હું જોયા કરું કે આ માણસ માથું નીચું કરીને ઊભા છે. એટલે મેં પૂછ્યું કે કેમ ભઈ તમે આમ ? તો કહે, પેટ ખાતર નોકરી કરું છું એટલે પકડવા આવ્યો છું, સહાનુભૂતિ તો મારી તમારી સાથે જ છે. અંગ્રેજ સરકારના એવા નોકર જે ગાંધીને ગિરફતાર કરવા આવે છે એની સહાનુભૂતિ તો સ્વરાજની સાથે જ હતી. સ્વરાજમાં આખા દેશમાં આ એકદમ એ લઘુત્તમ સાધારણ અવયવ હતો, બધાને સ્વરાજ. પંદરમી ઓગષ્ટ પછી આ દેશ પાસે એવો એક ઉદ્દેશ રહ્યો નથી. આખો દેશ એક વસ્તુ ઈચ્છતો હોય એવો કોઈ ઉદ્દેશ રહ્યો નથી એની બહુ મોટી મોંકાણ છે. પરિણામે કૂતરું ખેંચે ગામ ભણી ને શિયાળ ખેંચે સીમ ભણી એમ દરેકે દરેક બાબતમાં ખેંચાખેંચી ચાલે છે. એક કહે છે કે રિઝર્વેશન હોવા જોઈએ, બીજા કહે છે કે ન હોવા જોઈએ, એક કહે છે કે આમ હોવું જોઈએ બીજો કહે છે કે તેમ હોવું જોઈએ. આખા દેશમાં સમગ્રતાની ભાવના નથી. સમગ્રતાની કંઈક ભાવના હોય તો એવી હશે જેવી મને નાનપણમાં થતી'તી. મારી મા શ્રદ્ધાવાન બાઈ, મને પણ દર્શન કરવા લઈ જાય મંદિરે. મને એટલા માટે ગમતું'તું કે કોક વાર મને તેડી લે, ઊંચો કરે તો ઘંટ વગાડવા મળતો'તો. કોઈક વાર નગારાની ઉપર એક બે અવાજ કરી શકાય. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**